**ફોજદારી કેસ નં.૧૪૦૩૮/૨૦૧૯**

**<u>આંક –૧ લગત હુકમ:</u>**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાઆવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસ નું રેર્કડ જોવામાં આવે તેમજ આરોપી સામે આક્ષેપિત ગુન્હો જોઈએ તો તે પ્રોહી એકટ કલમ ૬૬ (૧)(બી) હેઠળનો છે, કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે, પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

**<u>પી.રામચંદ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯</u>** ઉપર પ્રસિઘ્ઘ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે , “The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial” આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલછે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્યકિસ્સામાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને દયાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ –૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ –૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓના જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે

૩. આ કામે કબ્જે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન– કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય વીતે ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૨૬ મી, માહે: જુન, સને: ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા:૨૬/૦૬/૨૦૨૨.
સ્થળ:.અમદાવાદ

**( કે.એસ.રાણા )**
નવમાં જયુ. મેજી. ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.